
## વડીલોને વંદન અભિનંદન



નરસિંહભાઈ સવાભાઈ પરમાર
(૧૯૪૭)મો.૯૩૨૮૦૬૧૧૯૫



કલાવતીબેન એન. શાહ
(૧૯૪૩)ફોન:૨૩૨૩૨૦૫૮



શકુતલાબેન એમ. નાયક
(૧૯૩૯)ફોન:૨૩૨૩૫૧૫૩



ઈન્દિરાબેન રવિન્દ્રભાઈ દવે
(૧૯૫૫)મો.૯૮૨૪૨૨૯૬૬૬


# ધાનેરા નજીક જીપ-ટ્રક વચ્ચે અકસ્માત : ત્રણના મોત

## મેળાથી પરત ફરી રહેલા લોકોને અકસ્માત : દુર્ઘટનામાં ૧૫થી વધુ લોકોને ઈજા : અનેકની હાલત હજુ પણ ગંભીર

ધાનેરા, તા.૧૧

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એકાદ સપ્તાહથી માર્ગ અકસ્માતોમાં નિર્દોષો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે ત્યારે આજે ધાનેરા પંથકમાં કોટડા-ધાખા રોડ પર જીપ અને ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ નિર્દોષોનો ઘટનાસ્થળે જ કરૂણ મોત થતા સમગ્ર પંથકમાં ભારે શોક સાથે અરેરાટી પ્રસરી ગઈ છે. આ ઘટનામાં ૭થી વધુને ગંભીર ઈજાઓ પહોંચી છે.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ધાબા ગામ પાસે ગમખ્વાર અકસ્માતમાં ત્રણ લોકોના કરુણ મોત થયા છે અને અન્ય ૧૫થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી મોટાભાગના લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મેળામાંથી પરત ફરી રહેલા લોકો અકસ્માતનો શિકાર થયા હતા. ટ્રક અને જીપ ધડાકા સાથે ટકરાતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે જ્યારે ઇજાગ્રસ્તોના નામ પણ મેળવવામાં આવ્યા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસ પણ પહોંચી હતી. ઇજાગ્રસ્તોને સારવાર



અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગુજરાત-રાજસ્થાન સરહદ ઉપર આવેલ પીરની જાળે રાત્રીનો મેળો ચાલી રહ્યો છે. ધાનેરાથી મેળો જોવા માટે લોકો પીરની જાળ ગયા હતા ત્યારે મેળો જોઈને પરત ધાનેરા આવી રહ્યા ત્યારે ધાબા ગામ પાસે જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

આ ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના એવી છે કે કોટડા-ધાખા-રોડ પરથી પુરપાટ ઝડપે દોડતી જીપ નં. જીજે-૧૫-બીબી ૮૫૦માં રાજસ્થાનના સાંચોર પીરની જાળના મેળામાં દર્શન કરી મુસાફરો પરત આવી રહ્યા હતા ત્યારે માર્ગ પર દોડતી ટ્રક નં. આર.જે.૧૪-જીડી ૭૪૧૭ને જીપ ચાલકે ઓવર ટેક કરવા જતા જીપચાલકે કાબુ ગુમાવતા જોરદાર ધડાકા સાથે અકસ્માત થયો હતો જેમાં જીપમાં સવાર રમેશ રાયચંદ માજીરાણા, પિન્ટુ ખલીભાઈ સિપાઈ, માલાભાઈ તલકભાઈ માજીરાણાના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા. જયારે અન્ય સાત વ્યકિતઓને પણ શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે ધાનેરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાની ૩૯ નહીં ૭૨ ઉત્તરવહી ગુમ

## રાજ્યભરના વાલીઓ અને વિદ્યાર્થી તથા શિક્ષણવિદોમાં ભૂકંપ જેવી સ્થિતિ :બોર્ડની પાસે કોઈપણ જવાબ જ નથી

અમદાવાદ, તા.૧૧

હાલોલના જરોદ રોજ ખાતે ધોરણ-૧૨ સંસ્કૃત વિષયની રસ્તે રઝળતી ૩૯ ઉત્તરવહીઓ મળી છે, પરંતુ વાસ્વતમાં મીની બસમાંથી ૩૯ ઉત્તરવહીઓ નહીં પણ ૭૨ ઉત્તરવહીઓ ગુમ થઈ હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતાં જ રાજ્યભરનાં વિદ્યાર્થી-વાલીઓ અને શિક્ષણવિદોમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. એમાંય ૩૯ ઉત્તરવહીઓ તો રસ્તે રઝળતી મળી આવી છે, પણ બાકીની સંસ્કૃતિની ૩૩ ઉત્તરવહીઓ ક્યાં છે? તે લઈને વિદ્યાર્થી-વાલીઓમાં તરહ-તરહની શંકા ઉપસ્થિત થવા લાગી છે. ધોરણ-૧૨ કોમર્સ સંસ્કૃતની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળત મળી હોવાનો વિવાદ હજુ શમ્યો નથી. ખુદ બોર્ડ ગોપનીયતાના નામે કોઈપણ પ્રકારનો હજુ સુધી ખુલાસો કર્યો નથી કે રાજ્યના ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ તેમના વાલીઓને બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર પણ જાણકારી મુકી નથી.

આ વિવાદ વચ્ચે જ હાલોલના એમ.એસ. હાઈસ્કુલના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર ખાતે બોર્ડ દ્વારા ૮૩ થેલામાં મોકલવામાં આવેલા ઉત્તરવહીઓમાં ત્રણ થેલા સાથે ચેડા થયા હોવાનું તેમજ એક થેલામાં ૩૦૦ પૈકી ૨૮૮ જ ઉત્તરવહીઓ મળી આવી છે. જ્યારે બાકીની ૭૨ ઉત્તરવહીઓ ગુમ થયેલી છે. જો કે ૭૨ પૈકી ૩૯ ઉત્તરવહીઓ તો રસ્તે રઝળતી મળી આવી છે. પરંતુ બાકીની ૩૩ ઉત્તરવહીઓ ક્યાં ગઈ ? તે ઉત્તરવહીઓ કયા વિદ્યાર્થીઓની હતી ? બોર્ડ હવે કેવી રીતે વિદ્યાર્થીઓને માર્કસ આપશે ? તેવા અનેક નવા પ્રશ્નો ઉપસ્થિત થતાં જ રાજ્યભરના શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. બીજી બાજુ શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવ જી.ડી. પટેલ જણાવી રહ્યા છે કે ધોરણ-૧૨ સંસ્કૃતની ઉત્તરવહીઓના ત્રણ થેલામાં ચેડા થયા હોય તેવું મારા ધ્યાને નથી. વિડીયો ઉતાર્યો છે. મેં ઘટના બાદ સ્થળ પર જઈને તમામ ૮૩ થેલા તેમજ ત્રણ થેલાંનો મારા મોબાઈળ ફોન પર વિડીયો ઉતાર્યો છે. આ એટલા માટે ઉતાર્યો કે મારા ગયા પછી તેમાં કોઈ છેડછાડ તો થતી નથી ને ? રસ્તે રઝળતી ૩૯ ઉત્તરવહીઓ સિવાય વધુ ઉત્તરવહીઓ હતી કે કેમ ? તે હજુ પણ નહીં કહી શકું. એક અઠવાડીયામાં આકા રાજ્યના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનો ડેટા ભેગા કર્યા બાદ જ હું કહી શકીશ. ઉલ્લેખનીય છે કે ચેકીંગ માટે મોકલાયેલ ઉત્તરવહીઓના ૮૩ પૈકી ત્રણ થેલામાં ચેડા થયા હોવાનું બહાર આવતા જ તેમણે ત્રણેય થેલાની ઉત્તરવહીઓ ગણવાની સાથે વિડીયોગ્રાફી કરી હતી ત્યારબાદ ત્રણેય થેલાને અલગ મુકી રખાવી છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા બસ સ્ટેશન ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકસભાની ચૂંટણીને અનુલક્ષી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મતદારોને ઈ.વી.એમ. અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

ગાંધીનગર, તા.૧૧

રાજયના શ્રમ આયુકતશ્રી એક યાદીમાં જણાવે છે કે લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ગુજરાત વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી તારીખ ૩૦ એપ્રિલ ૨૦૧૪ બુધવારનાં રોજ યોજાનાર છે ત્યારે જે તે વિસ્તારનાં ગુજરાત દુકાન તથા સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રજા મંજુર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. જે કોઈ માલિક જોગવાઈ વિરૂધ્ધનુ વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ચૈત્રી માસના આરંભે જ ઉનાળો જાણે ધીમે ધીમે આગમન કરી રહ્યો છે ત્યારે બનાસકાંઠાના પાલનપુરમાં ગુરૂનાનક એકતા સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા શહેરીજનો માટે ઠંડા મીનરલ પાણીની પરબ આજે શરૂ કરવામાં આવી છે. કાળઝાળ ગરમીમાં આ પરબથી લોકોની તરસ છીપાવતા રહિશોએ ખુશી વ્યક્ત કરી છે.

## શરીરે દાઝી ગયેલી માધવગઢની મહિલાનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર-તા-૧૧

ગાંધીનગર નજીક આવેલા માધવગઢ ગામ માં રહેતી ૩૬ વર્ષીય મહિલા લીલાબેન -હલાદભાઈ રાવળ ગઈ કાલે પોતાના ઘરે -ાયમસ માં કેરોસીન પૂરી રહ્યા હતા તે દરમ્યાન અચાનક ભડકો થતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જી અમદાવાદ ટ્રાન્સફર કરવા માં આવ્યા હતા. સારવાર દરમ્યાન કરુણ મૃત્યુ નીપજયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની તપાસ આરંભી છે.

## સે. ૨૨ શ્રેયસ સોસાયટી ખાતે શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

શહેરના સેક્ટર-૨૨ ખાતે સ્થાનિક વસાહતી મંડળ અને ભજન મંડળ દ્વારા તા. ૧૩ એપ્રિલથી તા. ૧૯ એપ્રિલ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજવામાં આવશે.

ગાંધીનગર સેક્ટર-૨૨ સ્થીત શ્રેયસ સોસાયટી ખાતે તા. ૧૩ એપ્રિલથી ભવરોગ વિનાશીની શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે. રાત્રીના ૮ થી ૧૧ દરમિયાન યોજાનાર કથાની પોથીયાત્રા તા. ૧૩ એપ્રિલના રોજ જયેશ ભાલાણીના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૮૫, સેક્ટર-૨૨ થી સવારે ૮.૦૦ વાગે શોભાયાત્રા નિકળી કથા સ્થળે પહોંચશે.

નગરના વિખ્યાત કથાકાર કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે યોજાનાર કથામાં કપિલ જન્મોત્સવ, સાંખ્ય દર્શન, નૃસિંહ પ્રાગટ્ય, ઝાંખી દર્શન, હરિશરણ મનોરથા વામન પ્રાગટ્ય, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધનલીલા, અન્નકુટ દર્શન જેવા પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવશે. કથાનો લાભ લેવા મણીભાઈ ચૌધરી અને લાલભાઈ પટેલે ભાવિ ભક્તોને લાભ લેવા જણાવ્યું છે.


# રાજ્યભરમાં ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

અમદાવાદ, તા.૧૧

દેશની ટોચની ટેકનિકલ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત બનાવવામાં આવેલ જેઈઈની ઓનલાઈન પરીક્ષા આજે યોજાઈ હતી. આ પહેલા ઓફલાઈન પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે ત્યારે હવે દેશભરમાં હજી આવતીકાલે અને ૧૯ એપ્રિલના રોજ જેઈઈની ઓનલાઈન પરીક્ષા લેવાનું આયોજન કરાયેલ છે. આજે લેવાયેલ પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાંથી અંદાજે ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જેઈઈની ઓનલાઈન પરીક્ષા આપી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશની આઈઆઈટી, આઈટી અને ઈજનેરીની ટોચની સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પરીક્ષાની સાથે જેઈઈની પરીક્ષા પાસ કરવી ફરજીયાત બનાવવામાં ાવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ એજ્યુકેશન ઓનલાઈન અન ઓફલાઈન એમ બે પ્રકારે કરવામાં આવે છે જે મુજબ ગત રવિવારે જેઈઈની ઓફલાઈન પરીક્ષા ગુજરાત સહિત દેશના ૧૫૦ જેટલા શહેરોમાં યોજાઈ હતી. ગુજરાતમાં પણ ઓનલાઈન પરીક્ષા કરતા ઓફલાઈન પરીક્ષાનો ક્રેજ વધારે જોવા મળે છે. જેના કારણે ગત રવિવારે લેવાયેલ જેઈઈની ઓફલાઈન પરીક્ષા પેપર એકમાં ૧૨૯૫૬ અન પેપર બેમાં ૧૬૩૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ત્યારે હવે આજે જેઈઈની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવી હતી. આજે લેવાયેલ જેઈઈની ઓનલાઈન પરીક્ષામાં રાજ્યભરમાંથી ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જાણ લીધો હતો જો કે હજી પણ આવતીકાલે અને ૧૯ એપ્રિલના રોજ જેઈઈની ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બાકી બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે.

## શબ્દાવલી - ૫૩૬૪



### આડી ચાવી

૧. સંબંધ, હિન્દીમાં ... કહેવાય (૪)
૪. મવાલી (૩)
૭. સિંહાસન (૩)
૯. કાર્ય માટે (૨)
૧૦. પવન, હવા (૩)
૧૨. ઇતરાવું, લોચુ મારવું, ... મારવા (૨)
૧૬. ધનુર, એક જાતનો રોગ(૪)
૨૧. વહાણ વડે વેપાર કરવો તે (૪)
૨૩. ચલાવવાની ક્રિયા (૩)
૨૪. શિખર, છેક ઉપરનો ભાગ (૨)
૨૫. ખલ, ચટણી વાટવાનો પથ્થર (૩)
૨૬. પુરતુ, ભાર-નિશ્ચય બતાવતો શબ્દ (૨)

### ઊભી ચાવી

૧. સાથ-સંગાથ (૪)
૨. કાતરવાનું સાધન (૩)
૩. કાઠિયાવાડમાં મૃત વ્યક્તિ પાછળ એક પાંચમ કરે તે (૨)
૫. પોકારવું, ... કરવો (૩)
૬. મનાવવું (૪)
૮. સાધના, તપશ્ચર્યા (૨)
૧૧. નમક... (હિન્દી ફિલ્મ)(૩)
૧૪. મધમાખી ... બનાવે (૨)
૧૫. હેતુ, ઉદ્દેશ (૩)
૧૭. 'બનવાનું' શબ્દ આડોઅવળો (૪)
૧૮. ધ્વજ, પતાકા (૩)
૧૯. એક ભાજી (૩)
૨૦. ધરતીકંપને હિન્દીમાં કહેવાય (૩)
૨૨. જોક્સ, રસ ઉપજે તેવી નાનકડી વાત (૩)

### શબ્દાવલી ૫૩૬૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) વ્હીસકી (૪) નફરત (૮) સબલ (૯) પડકાર (૧૦) કાન (૧૨) સખા (૧૩) પારીવારીક (૧૬) માન (૧૭) સનસની (૧૯) વખ (૨૦) દાયજો (૨૨) તરત (૨૩) કરતબ (૨૪) મર્જ

**ઊભી ચાવી :-** (૧) વ્હીસલ (૨) સબ (૩) કીલકારી (૪) નથ (૫) ફડ (૬) રકાસ (૭) તરખાટ (૧૧) નવાસવા (૧૩) પાનખર (૧૪) રીન (૧૫) કસદાર (૧૬) માવતર (૧૮) નીયત (૨૧) જોબન (૨૩) કર્જ

## નબળો પ્રતિસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સારો પ્રતિસાદ સાંપડયો હતો જો કે ઉદ્યોગભવનમાં પણ મધ્યમ પ્રતિસાદ સાંપડયો હતો. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે એક જ દિવસમાં ૨૫ હજારથી વધુ મતદારોની સહિઓ ગાંધીનગર શહેરમાંથી મેળવવાનો લક્ષ્યાંક હતો જો કે સાંજના પાંચ વાગ્યા પછી ઝુંબેશમાં વેગ આવશે તેવો વિશ્વાસ પણ આ સૂત્રોએ વ્યકત કર્યો છે.

જિલ્લામાં આજે યોજાયેલ સહિ ઝુંબેસ માટેના કેન્વાસ પર ચૂંટણી પંચનો સિમ્બોલ અને ૩૦મીએ ગાંધીનગર કરશે મતદાન. મતદાન અમે ગર્વથી કરશું.

## પ્રતિબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લખવામાં આવેલા પત્રમાં ચૂંટણી પંચે આદેશ કર્યો છે કે, ખુબ જ ઉશ્કેરણીજનક ભાષણ કરવા બદલ તેમની સામે કેસ દાખલ કરવામાં આવી ચુકયા છે. ચૂંટણી પંચે પત્રમાં કહ્યું છે કે, જરૂરી એફઆઈઆર બંને નેતાઓ સામે તાત્કાલિક ધોરણે દાખલ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે ફોજદારી કાર્યવાહી પણ થવી જોઈએ. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, તેમને જાહેર સભાઓ, જાહેર રેલીઓ અને રોડ શો કરવાની મંજુરી આપવામાં ન આવે તે જરૂરી છે. અમિત શાહને ભાજપે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચારની મુખ્ય જવાબદારી સોંપવામાં આવી હતી. અમિત શાહના કારણે ભાજપની લોકપ્રિયતામાં ઉલ્લેખનીય વધારો થયો હોવાની વાત પણકરવામાં આવી હતી. ચૂંટણી પંચે જણાવ્યું છે કે, તેમના નિવેદનોના કારણે ધાર્મિક ભાવનાઓને નુકસાન થઈ શકે છે. આચારસંહિતાનો ભંગ જ આ લોકોએ કર્યો નથી બલ્કે જુદી જુદી જોગવાઈઓ હેઠળ ગુનાપાત્ર વલણ અપનાવ્યું છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી પંચે સાતમી એપ્રિલ ૨૦૧૪ના દિવસે અમિત શાહને તથા ૯મી એપ્રિલ ૨૦૧૪ના દિવસે આઝમ ખાનને નોટિસ ફટકારી હતી. આ નોટિસ પૈકીની દરેક નકલ તેમને આપવામાં આવી હતી. અમિત શાહ અને આઝમ ખાન તરફથી નોટિસનો જવાબ આપવામાં આવ્યો નથી. ૯મી એપ્રિલ ૨૦૧૪ના દિવસે ફટકારવામાં આવેલી નોટિસના બદલે આઝમ ખાન જવાબ આપી રહ્યા નથી અને આચારસંહિતાનો સતત ભંગ કરી રહ્યા છે. અમિત શાહ અને આઝમ ખાનને પંચે અગાઉ નોટિસ પણ આપી હતી. અમિત શાહ સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે. ભારતના બંધારણની કલમ ૩૨૪ હેઠળ પંચે કેટલાક આદેશ કર્યા છે. સીઆરપીસીની કલમ ૧૦૭થી ૧૧૦, ૧૪૪ની સંબંધિત જોગવાઈ સામે તમામ અટકાયતી પગલા લઈ શકાય છે. બંને નેતાઓને હવે ખુબ સાવધાન રહેવું પડશે. ભાજપ દ્વારા અમિત શાહ સામે કરવામાં આવેલી કાર્યવાહીને લઈને કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## ઈમ્પેક્ટ ફીના મામલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફીના મામલે ન્યાય મેળવવા ઈચ્છતા સેકટરોના વેપારીઓ તેમજ વસાહતીઓની આજે સે-૧૭ સ્થિત બગીચામાં બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન ૧૦૦થી વધુ વેપારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન અન્ય શહેરોની જેમ ગાંધીનગરમાં આ કાયદાનો યોગ્ય ઉપયોગ ન થતાં હોવાનો આક્રોશ વ્યકત કરી આ મામલે આગામી બે દિવસમાં મહેસુલ મંત્રીને રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. જયારે મહેસુલમંત્રીની સાથે બેઠક કર્યા બાદ પણ ન્યાય ન મળે તો આંદોલનની નવી નીતિ નક્કી કરી લડતનું અભિયાન હાથ ધરવામાં આવશે તેમ પણ વેપારી આગેવાનોએ જણાવ્યું છે.

## શક્તિ કાર્નિવલનું આયોજન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું છે. બે દિવસના કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રના તજજ્ઞો કાઝલ ઓઝા, ભાગ્યેશ જહા, ધ્વનિલ ઠાકર (આર.જે.) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની, ડૉ. મુકેશ બાવીશી, રતિલાલ બોરીસાગર, હિમાંશુ બુચ, વિનેશ અંતાણી તેમજ આશાબેન દલાલ મહીલાઓને માર્ગદર્શન પુરૂ પાડશે. રોટરી પરિવારની બહેનો સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે. શક્તિ-૨૦૧૪ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિવિધ ૭ સ્થળોએથી ફોર્મનું વિતરણ કરવામાં આવશે.

## ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેલે છે પરંતુ હું તો પાંચ વર્ષના કામના આધારે જ મત આપવાનું વધુ પસંદ કરીશ. તેમના મતે મહિલાઓને સુરક્ષા આપે તેવી સરકાર રચાય તે તેમને વધુ ગમશે. તેઓ રાજકીય પક્ષની વિચારધારાને ધ્યાનમાં રાખીને મત આપવાનું પસંદ કરે છે.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તાર વાવોલ ખાતે આઈસ્ક્રીમ અને ઠંડા પીણાનું પાર્લર ચલાવતા સુરેશભાઈ પટેલને રાહુલ ગાંધી વડાપ્રધાન પદ માટે યોગ્ય ઉમેદવાર લાગે છે. તેમના મતે જો યુપીએ અથવા એનડીએને સ્પષ્ટ બહુમતી ના મળે તેવા સંજોગોમાં તેઓ અરવિંદ કેજરીવાલને વડાપ્રધાન પદે જોવાનું પસંદ કરશે. જો કે તેઓ લોકલ લેવલે ઉમેદવારની પસંદગી માટે પક્ષ કરતા વ્યકિતને મહત્વ આપવાનું મુનાસિબ માને છે અને તેમના મતે ગાંધીનગરમાં લોકોને ભલે ભાજપ પસંદ છે પરંતુ અડવાણી હવે પસંદ નથી કારણ કે તેઓ ચુંટાયા પછી કયારેય પોતાના મતવિસ્તારમાં દેખાયા નથી. સુરેશભાઈ પટેલને ઈલેકટ્રોનિકસ મીડીયાના તમામ સર્વે ખોટા પડી ચોંકાવનારા પરિણામો આવવા બાબતે ખૂબ જ વિશ્વાસ છે.

સેકટર-૨૪ના શોપીંગ વિસ્તારમાં ધમધમતી એક ચાની કીટલીએ કેટલાક શ્રમિકો વચ્ચે ચૂંટણી અંગે ધારદાર ચર્ચાઓ ચાલી રહી હતી. આ ચર્ચાઓમાં છાપાઓમાં આવતા સમાચારોના હવાલા સાથે દરેક વ્યકિત પોતાનો અભિપ્રાય રજૂ કરતા હતા જેમાં ગુજરાતના મુખ્યમંત્રી જો વડાપ્રધાન બની જશે તો ગુજરાતનું શું થશે તે બાબતની પણ રસપ્રદ ચિંતાઓ કરાઈ હતી. જયારે અમે તેમને 'ઈલેકશન લાઈવ'ની વાત કરી અભિપ્રાય માંગ્યો તો આ ભોળા શ્રમિકો પહેલા તો થોડા આઘાપાછા થવા લાગ્યા પરંતુ ધીરે ધીરે પોતાની વાત કહેવા માંડયા હતા. વાતનો સાર એટલો જ હતો કે ભલે મોદી સાહેબ વડાપ્રધાન બને પણ જો મોંઘવારી નહીં ઘટાડી શકે તો અમારે માટે તો બંને સરખા જ ગણાશે. ભીખાજી નામના એક ડ્રાઈવરે માર્મિક ટકોર કરી હતી કે 'મોદી સાહેબ સીએમ છે તો આટલા ભવ્ય ઠાઠ છે જો પીએમ થશે તો શું નું શું ય કરશે. બધા રાજકારણીઓ પોતાના ખર્ચા ઘટાડે તો જ મોંઘવારી ઘટશે તેવું મને તો લાગે છે.'